# ઓછા મતદાનને પગલે રાજકારણમાં નવી ચર્ચાઓ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પ્રથમ ચરણમાં થયેલ મતદાનના સત્તાવાર આંકડાઓએ રાજકીય ગણિત્રજ્ઞોને ચોંકાવી દીધા છે. પ્રથમ તબક્કામાં ૬૬.૮૫ ટકા મતદાન થયાનો આંકડો ચૂંટણી પંચે ઘોષિત કર્યો છે.

૨૦૧૨ની સામાન્ય ચૂંટણીની સાથે આ આંકડાને મેળવતાં તે ૩ ટકા જેટલુ ઓછુ મતદાન થયાનુ બતાવે છે. સૌથી વધુ મતદાન નર્મદામાં ૭૯.૨૫ ટકા તથા જ્યારે સૌથી ઓછુ દ્વારકામાં ૫૯ ટકા મતદાન નોંધાયુ છે.

૨૦૧૨ની તુલનામાં ૨૦૧૭માં ઘટેલા મતદાન પછી રાજકીય ગણિતો માંડતા નિષ્ણાતો પણ ચોંકી ઉઠ્યા છે. જેમાં તેઓ ત્રણ થી ચાર કારણોના તારણ રજુ કરી રાજ્યમાં ચૂંટણીનો જંગ કશ્મકશ થશે તેવી વાતો કરતા થયા છે.

જે ઓછુ મતદાન થયુ છે તેમાં ક્યાંક મતદાન કરતા સમૂહોને અટકાવવામાં આવ્યાની વાત તો ક્યાંક પ્રચાર અભિયાનમાં સામ-સામે રાજકીય ભાષાનો નિમ્નસ્તરનો ઉપયોગ રાજકીય પક્ષોએ કર્યો તેનાથી મતદારો નારાજ થયા હોઈ મતદાન કરવાનુ ટાળ્યું; લગ્નસરાની મોસમ; ઉમેદવારોની પસંદગી સામે નારાજગી ઉપરાંત રાજકીય પક્ષોના કાર્યકર્તાઓની ઉદાસીનતાના કારણો ચર્ચામાં છે.

જો કે ગુજરાતની ચૂંટણીમાં પહેલીવાર વી.વી. પેટનો ઉપયોગ અને મતદારોની લાંબી કતારોને લઈ પણ કેટલાક મતદારોએ મતદાન મથક સુધી જવામાં ઉદાસીનતા દાખવી છે.

મતદાનના સત્તાવાર આંકડાઓ પછી બન્ને પક્ષોમાં પણ જીતના સામ-સામા દાવાઓ કરાયા છે. આ પ્રથમ ચરણના મતદાનમાં પણ ઈ.વી.એમ.ને લઈ થયેલા વિવાદોએ રાજકીય પક્ષોને ઈંધણ પુરૂ પાડવાનું કામ કર્યુ છે પરંતુ એ વાત માની શકાય તેવી રહી નથી. ટેકનીકલ ક્ષતિઓને લઈ મતદાન મશીનો ખોટકાયા હતા પરંતુ તેનુ પ્રમાણ ઘણુ ઓછુ રહ્યુ હોવાનું પંચના સૂત્રોનું કહેવુ છે.

વી.વી.પેટનો ઉપયોગ કરવામાં આવતાં મતદારને મતદાન કરવામાં સમય વધારે જતો હતો એટલે લાઈનો લાગી હતી તે વાત પણ પંચ સ્વીકારતુ નથી. પંચના સૂત્રોનું કહેવુ છે કે મતદાનની ટકાવારી જ સ્વયં સ્પષ્ટ છે કે લોકોએ ઉત્સાહથી મતદાન કર્યુ છે. ક્યાંક મતદાન ઘટે અથવા વધે તે સામાન્ય બાબત છે.

આ વખતના પ્રથમ ચરણના મતદાનમાં યુવા અને મહિલા મતદારોએ દાખવેલી જાગૃતિએ બન્ને પક્ષોની મુંઝવણ બની ઉભરી રહી છે. આ ઉપરાંત બન્ને પક્ષોને નોટાનો ડર પણ એટલો જ આંતરિક તો સતાવી રહ્યો છે.

ઓછુ મતદાન એ સૌની ચર્ચાનો મુદ્દો છે ત્યારે આ જંગ કશ્મકશ ભર્યો બની રહેશે તેમ લાગી રહ્યુ છે પણ બન્ને પક્ષોના ભય અને ઓછા મતદાનથી રાજ્યના રાજકારણમાં નવો ગરમાવો જરૂર આવ્યો છે.

## માણસામાં મને વિકાસના મત મળશે : અમિત ચૌધરી



**સીધો સંવાદ - ધનંજય જોષી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરની માણસા વિધાનસભા બેઠક પર પટેલ અને ચૌધરી સમાજના ઉમેદવાર વચ્ચે ખરાખરીનો જંગ છે. ભાજપના માણસા બેઠકના હાલના સીટીંગ એમ એલ એ અમિત ચૌધરીને પોતાનો વિજય થશે તેનો સો ટકા વિશ્વાસ છે... અમિત ચૌધરી જણાવે છે કે છેલ્લા પાંચ વર્ષમાં ભ્રષ્ટાચારનો દાગ લાગ્યો નથી...માણસાના ખેડુતો અને પશુપાલકો સહીત સ્થાનિક રહીશો માટે રસ્તા સિંચાઈ અને પાણીના કામો કર્યા છે. અને.. ૧૮૦ કરોડના રસ્તા અને માણસા સિવિલ રીનોવેશ કરાવી.. બાકી કામગીરી પુર્ણ કરવાની છે. પક્ષ પલ્ટા બાદ પણ સ્થાનિકો કામને માન આપી આવકારે છે. તે આનંદની વાત છે. પાટીદારોના મત નિર્ણાયક છે ..પરંતુ સમાજે સંમેલન બોલાવી ભાજપનો સાથ આપવાની જવાબદારી સ્વીકારી છે. ત્યારે પાટીદારોના મત મળશે તેવો વિશ્વાસ છે. છેલ્લા પાંચ વર્ષના કામો અને લોકો વચ્ચેની સતત હાજરીના લીધે ઉભો થયેલો લોકજવાળ ભાજપના સમર્થનમાં મત આપશે તેને જીતનુ મજબુત કારણ પણ માને છે.

**પક્ષપલ્ટા બાદ ભાજપે અમિત ચૌધરીને જ ટીકીટ શા માટે આપી ?**

કોંગ્રેસ અને ભાજપ સામાજિક સમીકરણોને ધ્યાને લઈ ઉમેદવારની પસંદગી કરે છે. તેવી જ રીતે સામાજિક સમીકરણને ધ્યાને લઈ પસંદગી થઈ છે.

**ચુંટણી પરિણામ શુ લાગે છે ?**

આ બેઠક પર બધા ગામોનો પ્રવાસ કર્યો છે. આ દરમિયાન આમ નાગરિકોનો પ્રતિસાદ સારો મળે છે... અને લોકજવાળ જોવા મળી રહયો છે. જેના પરથી સ્પષ્ટ જણાંઈ રહયુ છે કે ભારતીય જનતા પાર્ટીનો વિજય નિશ્ચિત થશે.

● અનુસંધાન પાના - ૫ પર

## આજે સે. ૧૧માં રાહુલ ગાંધી અને અલ્પેશ ઠાકોરની જાહેર સભા
### સેક્ટર-૬ ખાતે યોગી આદિત્યનાથની સભા યોજાશે મંગળવારે રૂપાલમાં હાર્દિક પટેલની સભા

ચૂંટણીમાં માહોલ ગરમાઈ ચુક્યો છે ત્યારે હવે મતદારોને આકર્ષવા સ્ટાર પ્રચારકોનો બંને રાજકીય પક્ષોએ સહારો લેવાનુ શરૂ કર્યુ છે. આવતીકાલે સોમવારે સાંજે એક તરફ કોંગ્રેસના રાહુલ ગાંધી અને અલ્પેશ ઠાકોરની જાહેરસભા સે-૧૧ મેદાન ખાતે યોજાનાર છે. તો બીજી તરફ સાંજે જ સેક્ટર-૬ ખાતે મેદાનમાં ભાજપના યોગી આદિત્યનાથની જાહેર સભા યોજાનાર છે. કોંગ્રેસના રાહુલ ગાંધીની મહાસભા સેક્ટર-૧૧ લાયન્સ ગ્રાઉન્ડ ખાતે સાંજના સાડા છ વાગ્યે યોજાનાર છે. જેમાં અલ્પેશ ઠાકોરનુંપણ વિશેષ ભાષણ યોજવામાં આવ્યું છે. ગાંધીનગર ઉત્તર અને દક્ષિણની બેઠકોને ધ્યાને રાખીને યોજવામાં આવેલી આ મહાસભામાં ક્ષત્રિય ઠાકોર સેના સહિત હજારો સમર્થકો ઉમટે તેવી શક્યતા છે. તો બીજી તરફ મોડી સાંજે ભાજપ આયોજીત યોગી આદિત્યનાથની મહાસભામાં ગાંધીનગર ઉત્તરના સમર્થકો-ટેકેદારો અને ભાજપના કાર્યકરો-આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે, બીજી તરફ મંગળવારે સવારે રૂપાલ ખાતે હાર્દિક પટેલની પરિવર્તન મહાસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

## મિત્રમંડળની રાજનીતિ અને તોડફોડનાં સમીકરણોથી જિલ્લામાં રાજકીય ઉત્તેજના

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોની ચૂંટણી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે ત્યારે જિલ્લામાં ફરી એકવાર મિત્રમંડળના રાજકારણની સાથે રાજકીય માહોલ ગરમાયો છે અને ગૃપ બેઠકોનો સિલસિલો તેની ચરમ પર પહોંચ્યો છે.

જિલ્લામાં છેલ્લા બે દિવસથી મિત્રમંડળના રાજકારણે જે રીતે આકાર લીધો છે અને તોડફોડની રાજનીતિના શ્રીગણેશ શરૂ થતાં સ્પર્ધકોના શ્વાસ પણ જોરશોરથી ધબકી રહ્યા છે. દોડધામ અને ગૃપ બેઠકો વચ્ચે રિક્ષાઓમાં માઈક બાંધી પ્રચાર અભિયાને પણ જિલ્લાના વાતાવરણને ઘોંઘાટિયુ બનાવી દીધુ છે. જિલ્લામાં તડજોડની રાજનીતિમાં વ્યસ્ત નેતાઓની હાજરી સાથે રાત્રીના સમયે કાર્યાલયો જે રીતે ધમધમી રહ્યા છે તે જિલ્લાના રાજકીય સમીકરણો બદલાશે કે કેમ તેવી ચર્ચાના માહોલ સાથે વાતાવરણને વધારે ગરમ કરી રહ્યા

● અનુસંધાન પાના - ૫ પર







### બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી **જયાબેન બાબુભાઈ શાહ (ખેડાવાળા)** નું તા.૯-૧૨-૨૦૧૭ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૧-૧૨-૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : વિવિધલક્ષી હોલ, જૈન દેરાસર, સેક્ટર-૨૨, ગાંધીનગર**

| | |
|---|---|
| પૂર્ણિમા એ.શાહ | આસુતોષ બી. શાહ |
| અલકા એચ. શાહ | હેમેન્દ્ર બી. શાહ |
| જયશ્રી એન. શાહ (મામલતદાર) | નરેશ બી. શાહ (ગુ.જ.સં.વિ.નિગમ) |
| શિલ્પા એમ. શાહ. | મુકેશ બી. શાહ (પા.યો. વિ.૩) |
| ઉષા ડી. શેઠ | દિનેશ આર. શેઠ |
| વર્ષા એ.ગાંધી | અનિલ એસ. ગાંધી |

**લોક વિકાસ મંચ**
**ગાંધીનગર (નોર્થ)ના ઉમેદવાર**

| ક્રમ | નામ | ચિન્હ |
|---|---|---|
| ૫ | શ્રી અનિલ કક્કડ<br>મો. ૭૯૮૪૭૮૬૧૩૧ |  બેટ્સમેન |

આપનો મત આપી જંગી બહુમતી થી વિજ્યી બનાવો.





Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com